વાર્ષિક લવાજમ રૂ. ૨૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૧ : અંક-૨ ✻ આદ્યતંત્રી : જયન્તિકા જયન્તભાઈ ✻ તંત્રી : નમ્રતા બાલી ✻ જાન્યુઆરી ૨૨, ૨૦૧૨

# 'સેવા' ૨૦૧૧ની સભ્ય-સંખ્યા ૧૩,૪૭,૩૦૫

**ગુજરાતની જિલ્લાવાર સભ્ય સંખ્યા**

| | કુલ સભ્યો | ટકા |
|---|---|---|
| **શહેરી સંગઠન** | | |
| અમદાવાદ શહેર | ૩૬૮,૫૩૭ | ૪૪.૭૩ |
| સુરત શહેર | ૭,૬૮૦ | ૦.૯૩ |
| ભાવનગર શહેર | ૫૨૦ | ૦.૦૬ |
| **કુલ શહેરી સંગઠન** | **૩૭૬,૭૩૭** | **૪૫.૭૩** |
| **ગ્રામીણ સંગઠન** | | |
| અમદાવાદ જિલ્લો | ૪૦,૦૦૦ | ૪.૮૬ |
| મહેસાણા જિલ્લો | ૩૨,૦૦૦ | ૩.૮૮ |
| બનાસકાંઠા જિલ્લો | ૭૪,૬૦૦ | ૯.૦૫ |
| સુરેન્દ્રનગર જિલ્લો | ૩૬,૨૪૦ | ૪.૪૦ |
| કચ્છ જિલ્લો | ૨૬,૦૦૦ | ૩.૧૬ |
| ખેડા જિલ્લો | ૧૩૬,૨૨૬ | ૧૬.૫૩ |
| વડોદરા જિલ્લો | ૩૮,૧૬૦ | ૪.૬૩ |
| સાબરકાંઠા જિલ્લો | ૧૭,૦૦૦ | ૨.૦૬ |
| ગાંધીનગર જિલ્લો | ૩૨,૦૦૦ | ૩.૮૮ |
| રાજકોટ જિલ્લો | ૫,૦૦૦ | ૦.૬૧ |
| પંચમહાલ જિલ્લો | ૪,૦૦૦ | ૦.૪૯ |
| સિલવાસા | ૧,૦૦૦ | ૦.૧૨ |
| તાપી | ૪,૯૨૦ | ૦.૬૦ |
| **કુલ ગ્રામીણ સંગઠન** | **૪૪૭,૧૪૬** | **૫૪.૨૭** |
| **કુલ સેવા સભ્ય સંખ્યા** | **૮,૨૩,૮૮૩** | **૧૦૦.૦૦** |

**ગુજરાતના શહેરી-ગ્રામીણ સભ્યો**

અન ઓડિટેડ

| કેટેગરી | કુલ સભ્ય સંખ્યા | ટકાવારી |
|---|---|---|
| શહેરી | ૩૭૬૭૩૭ | ૪૫.૭૩ |
| ગ્રામીણ | ૪૪૭૧૪૬ | ૫૪.૨૭ |
| **કુલ સભ્યસંખ્યા** | **૮૨૩૮૮૩** | **૧૦૦.૦૦** |

**રાજ્યવાર સભ્ય-સંખ્યા**

| રાજ્યનું નામ | | સભ્ય | સભ્યસંખ્યા |
|---|---|---|---|
| ગુજરાત | | | ૮૨૩,૮૮૩ |
| બિહાર | | | ૪૮,૬૦૦ |
| | ભાગલપુર | ૨૫,૬૫૦ | |
| | મુંગેર | ૧૬,૭૫૦ | |
| | કટિહાર | ૬,૨૦૦ | |
| દિલ્લી | | ૩૭,૭૬૭ | ૩૭,૭૬૭ |
| વેસ્ટ બંગાળ | | | |
| | મુર્શીદાબાદ | ૩,૦૦૦ | ૩,૦૦૦ |
| રાજસ્થાન | | | ૨૪,૮૦૪ |
| | બિકાનેર | ૯,૩૦૦ | |
| | ડુંગરપુર | ૭,૦૦૦ | |
| | જયપુર | ૩,૩૦૪ | |
| | અજમેર | ૨,૭૦૦ | |
| | જોધપુર | ૨,૫૦૦ | |
| કેરાલા | | | |
| | ત્રિવેન્દ્રમ | | ૫,૦૦૦ |
| ઉત્તરાખંડ | | | |
| | દેહરાદૂન | | ૪,૮૪૧ |
| મધ્યપ્રદેશ | | | ૩,૦૦,૩૦૦ |
| ઉત્તરપ્રદેશ | | | ૯૯,૧૧૦ |
| | લખનૌ | ૯૭,૦૬૦ | |
| | બરેલી | ૨,૦૫૦ | |
| **કુલ રાજ્ય સેવા સભ્ય** | | | **૫૨૩,૪૨૨** |
| **કુલ 'સેવા' સભ્ય સંખ્યા** | | | **૧,૩૪૭,૩૦૫** |

❑

# બીજાને આગે કરે તે આગેવાન

## 'સેવા' કારોબારીની ઓળખ



નામ : **કપીલાબેન ભાઈલાલભાઈ પરમાર**, ગામ : રાસનોલ, તા.જિ. આણંદ, ઉંમર : ૪૦, ધંધો : તમાકુ- ખળી કામદાર હોદ્દો : **'સેવા' પ્રમુખ**

'ઘરની ચાર દિવાલો જ મારું જીવન હતું. આ વાત છે 'સેવા'માં જોડાયાં પહેલાંની. ૧૯૮૯ બાદ આ વ્યાખ્યા બદલાઈ ગઈ. ૧૮ વર્ષ વીતી ગયાં 'સેવા' સંગાથે. 'સેવા'એ માત્ર રોજગારી નહીં પણ ઓળખ અપાવી. તાલીમો ઘણી લીધી પણ બચત તાલીમે કટોકટીમાં જિંદગી જીવતાં શીખવ્યું. પાકો લેવાની રીતોની પદ્ધતિસરની તાલીમ લીધી. ખેતીનું ખરું જ્ઞાન મારામાં આવ્યું. 'સેવા'માં વીમો લીધેલો. મારાં પતિના મૃત્યુ બાદ તે વીમાનું મહત્ત્વ સમજાયું. ખરા ટાણે કામ આવ્યો તે વીમો. બાળકોને શિક્ષણ આપવાની સમજ વિકસી. સરકારી કાયદા કાનૂન શીખી. મારા જ ગામના લોકોની મદદથી મેં ઘણાં કામો કર્યાં. ૧૬૦૦ લોકોનું સંગઠન માત્ર મારા જ ગામમાં મેં કર્યું.

આજે મારા ગામમાં બચતમંડળો, વીમા પોલિસી 'રૂડી'નું વેચાણ વગેરે કામો કરું છું. સમયાંતરે મારાં ગામમાં ખેતીવિષયક મીટિંગો કરી તેમને જરૂરી માહિતી પણ આપું છું. મારા માથે તો રૂ. ૪૫,૦૦૦નું દેવું પણ હતું જે 'સેવા'માં જોડાયા બાદ ધીમે ધીમે ઊતરતું ગયું. એક ખળી કામદાર બહેન આટલી આગળ આવી જશે તે વિચાર્યું નહોતું. દેવાનું ખૂબ જ ટેન્શન રહેતું, હવે શાંતિ છે.

સંકલિત અભિગમ દ્વારા 'સેવા'ની વિવિધ સહાયક સેવાઓ આજે અવિરત આપી રહી છું. હવે 'સેવા' એ જ મારો પરિવાર છે. મારા ગામમાં વિધવાબહેન તરીકેની મારી ઓળખ આજે બદલાઈ ગઈ છે. આ વર્ષે તો વળી, હું 'સેવા'ની પ્રમુખ ચુંટાઈ છું. આ બદલ મારા ગામલોકો, ઘરના સભ્ય તથા ખાસ તો 'સેવા'નો સહુનો જયવારો બસ.

બસ, હમેશાં બધાંને આગળ જ કરતી રહું તેવી ઈશ્વરને પ્રાર્થના'.

**કપીલા**

❑



નામ : **શાંતાબહેન વરશરામભાઈ પરમાર**, સરનામું : આર્યનગર સોસાયટી, મજુરગામ, કાંકરિયા રોડ, અમદાવાદ, ઉંમર : ૫૫ વર્ષ, ધંધો : શાકભાજી વેચનાર, જમાલપુર સ્વાભાવિક બજારમાં, એ.પી.એમ.સી. બજાર બહાર, અમદાવાદ. હોદ્દો : **ઉપપ્રમુખ 'સેવા'**

શાંતાબેન ૪૦ વર્ષથી ડુંગળી-બટાકા જમાલપુર ચાર રસ્તાના બજારમાં વેચે છે. ખરેખર તો, આ બજાર શરૂ કરનાર જે નવ વેચનારાં હતાં તેમાંના તે એક છે. આજે આ બજારમાં ૯૦૦થી પણ વધુ વેચનારાં શાંતિથી ધંધો કરી શકે છે તે શાંતાબેન જેવા મજબૂત, નીડર આગેવાનને આભારી છે. શાંતાબેન સભ્ય બન્યા પછી તરત જ 'સેવા'માં આગેવાન બન્યાં. તેમના માટે માત્ર જમાલપુર માર્કેટના વેચનારાં જ શાંતિથી વેચે એટલેથી જંપ નથી. સમગ્ર અમદાવાદના વેચનારાં હક્ક પૂર્વક, જીવન જીવવાના અધિકારથી વેચે તે તેમના અંતરની ખ્વાહિશ છે અને તેથી જ, જ્યાં જ્યાં અમદાવાદના વેચનારાંના પ્રશ્નો જેવાં કે, ટ્રાફિક પોલીસનાં, દબાણનાં, ઘરાકોનાં, જગ્યાનાં તે હમેશાં આગેવાની લઈને હલ કરે છે. 'ખોટું નહીં ચલાવી લેવાનું ને 'અસ્સલ' કામ કરવાનું...' તેમનું સુત્ર છે. છેલ્લી બે ટર્મથી 'સેવા'ના ઉપપ્રમુખ તરીકે શાંતાબેન ચૂંટાતાં આવે છે.

તે ૨૬ વર્ષથી આગેવાન, ૨૦ વર્ષથી 'સેવા'નાં પ્રતિનિધિ અને વેચનારાં તરીકે જવાબદારી અદા કરે છે. ઝૂંબેશટીમ-સભ્ય પણ છે. તેમણે ૪૦૦૦ વેચનારાંની સભ્ય-સંખ્યા 'સેવા'માં કરી છે. તેમ જ તેમણે 'સેવા' ચળવળમાં વેચનારાંના આગેવાનો તૈયાર કરીને જોડ્યા છે. નાસવી કે જે વેચનારાઓના સંગઠનોનું રાષ્ટ્રિય અલાયન્સ છે.જેની સ્થાપના 'સેવા'એ કરેલી તે 'નાસવી'ના એક્ટીવ કારોબારી સભ્ય છે ત્યાં પણ છેલ્લી બે ટર્મથી ચૂંટાઈને આવ્યાં છે. રાષ્ટ્રિય સ્તરે, સ્થાનિક સ્તરે, વેચનારાઓની નીતિ માટે, કાયદો બને તે માટે તેઓ ખૂબ સક્રિય છે. તેમણે ઝાંબીયાનાં વેચનારાંના સંગઠનની મુલાકાત લીધી છે.

❑



નામ : **જમુબહેન ખેંગારભાઈ આહિર**, સરનામું : ધોકાવાડા, જિ. પાટણ, સાંતલપુર, ઉંમર : ૫૦ વર્ષ, ધંધો : ભરતકામ, હોદ્દો : **'સેવા' ઉપપ્રમુખ.**

'મારું નામ જમુબહેન. 'સેવા' સાથે ૨૦ વર્ષનો સંબંધ છે. ભરતકામ અને ખેતીનું કામ કરું છું. ભરતકામ અમારી પરંપરાગત કારીગીરી છે. અમે તેની કિંમત 'સેવા'માં જોડાયા બાદ સમજ્યાં. ઘરે ભરતકામ કરતાં પણ અમારાં કામની કિંમત નહોતાં જાણતાં. આજુબાજુની બહેનો ભરત ભરીને રોજગારી 'સેવા' દ્વારા મેળવતી. અમે તો વેપારીને જ ભરીને આપતા. બાંધેલી રકમ મળે એટલે ખબર પડે નહિ.

'સેવા'માં ભરત કારીગરોનું સંગઠન કર્યાં બાદ તેના થકી મળતા વિવિધ લાભો જોયા. બીજી બહેનોને પણ મારી સાથે જોડી. મારા ગામમાં તો ભરતકામની ૩૦૦ બહેનો છે. તમામે તમામ એ ગ્રેડની. માત્ર ભરતકામ નહિ પણ ખેતી, ગુંદરકામ, મીઠાકામમાં પણ ઘણી બહેનો જોડાયેલી છે. ભરતકામની તાલીમ લીધી. બહેનોને પણ તે તાલીમ આપી. ત્યારબાદ મીટિંગોમાં જતી થઈ. બીજી બહેનોને પણ લઈ જતી. અમદાવાદ, દિલ્લી તો ખરું પણ અમારું ભરત તો વિદેશમાં પણ વખણાયું. ત્યારે કામનો ખરો સંતોષ અનુભવ્યો.

હું અંગુઠા છાપ પણ ગામની બહેનોના મહેનતાણા હું ચૂકવતી થઈ. તેય બૅન્કમાં થઈને પૈસા ઉપાડીને સંગઠન થકી અમારાં નામની માલિકી થઈ. શક્તિવિકાસ થયો. ગામની બહેનોમાં

આત્મવિશ્વાસ વધ્યો. ભરતકામ કરતી બહેનો આજે ગામના સિમાડાને વટાવીને આગળ વધી રહી છે. વિવિધ તાલીમો ગામોમાં કરી - શિક્ષણ, સંગઠન, રોજગારી, આગેવાની, શક્તિવિકાસ, સ્વાવલંબન આ બધા શબ્દોની સમજ મળી. બોલતાં થયાં અને પાક્કે સમજ્યાં.

એક વાતનો અહેસાસ હમેશાં છે કે અમારાં ભરતકામનું ખરું મૂલ તો 'સેવા'એ પીછાણ્યું. તેની ખ્યાતિ વિદેશમાં કરી.

❑



નામ : **યામિની પરીખ,** સરનામું : ૧-એ, ભુવન એપાર્ટમેન્ટ, જયહિન્દ હાઈસ્કુલ સામે, મણીનગર, અમદાવાદ. ઉંમર : ૪૪ વર્ષ, ધંધો : કાગળકામ સંગઠક, અભ્યાસ : એમ.એ., સીવીલ ડ્રાફ્ટસમેન, હોદ્દો : **ઉપપ્રમુખ 'સેવા'**

'હું ૧૯૯૨થી 'સેવા' સાથે જોડાયેલ છું. શરૂઆતનાં સમયમાં 'સેવા' હાઉસીંગમાં અમ.મ્યુ. કોર્પોરેશન સાથે 'પરિવર્તન'ની સ્કીમમાં ચાલી- ઉત્થાનનું કામ કર્યું. ૧૯૯૬માં કાગળકામમાં કામ કરવાની શરૂઆત કરી. અહીં તો રોજબરોજ સવાર પડે ને નવા સંઘર્ષો આવે. જેવા કે -

'ડ', વર્ગની પસ્તીનો ઠરાવ ગાંધીનગર કલેક્ટર કચેરીમાંથી ફાળવણી થાય, ઠરાવ આપણી બહેનોની તરફેણમાં આવે પાછો ૧૫ જ દિવસમાં ઠરાવ બદલાય, કલેક્ટરશ્રી પણ બદલાય, બહેનોની રોજી છીનવાય... પાછો સંઘર્ષ શરૂ.

સુએજ ફાર્મ જ્યાં અમદાવાદ શહેરનો કચરો ઠલવાય. ત્યાં આશરે ૧૫૦થી ૨૦૦ બહેનો કાગળ કચરો એકત્ર કરી રોજી મેળવે છે. ત્યાં પણ એક મહિનો સારી રીતે વીણવા દે, બીજા મહીને બંધ કરી દે. બહેનો બેરોજગાર... પાછા અમ.મ્યુ. કોર્પોરેશનના ધક્કા... પોલ્યુશન કન્ટ્રોલ બૉર્ડમાં મળવા જાવ. ને ફરી પાછી રોજી મેળવે પણ રોજગારીની સલામતી ક્યાં ?

અમદાવાદ શહેરમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૦૦ અંતર્ગત ઘેર-ઘેરથી કચરો એકત્ર કરવાની યોજનાનો અમલ. વેજલપુર વોર્ડમાં કાગળ-કચરો વીણનારને સારી રીતે વધારે રોજી મળે તે માટે વેજલપુર નગરપાલિકામાં સતત ફોલોઅપ કરી ૩૬૬ બહેનોને સારી રીતે રોજગારી મળી રહે તે માટે રાતદિવસ મહેનત કરી બહેનોનું કામ શરૂ કરાવ્યું. ૬ વર્ષ કામ સરસ રીતે ચાલ્યું બહેનોની સારી કામગીરી માટે સન્માન થયું. પ્રમાણપત્ર પણ અપાયા, વેજલપુર નગરપાલિકાને એવોર્ડ પણ મળ્યા. પરંતુ ૧૪, ઓગસ્ટ, ૨૦૧૦ની સવારે ફોન રણક્યો... 'આવતી કાલથી તમારી મંડળીએ વેજલપુર વોર્ડમાં કામ કરવાનું નથી. કામ બીજી એજન્સીને આપી દીધું છે.' આ બહેનો તો કામ પર છે, બહેનોને કહેવું શું ? નહીં કોઈ લખાણ કે નહીં કોઈ જાણ ! સાથે દિવાળીનો સમય - બહેનોનાં માથે તો જાણે આભ તૂટી પડ્યું ! બહેનોની રોજી, બાળકોનાં ભવિષ્યનું શું ? આ માટે પણ સતત સંઘર્ષ. રાતોરાત હાઈકોર્ટમાં પીઆઈએલ કરી એના પણ સંઘર્ષ...

એક બાજુ દુનિયાભરની ફાયનાન્સિયલ ક્રાઈસીસ, આપણે માથે આવી પડી. બહેનોએ વીણેલી દરેક વસ્તુ જેવી કે કાગળ, પ્લાસ્ટીક, લોખંડનાં ૫૦ ટકા સુધી ભાવમાં ઘટાડો. આ બહેનોની એક તો રોજી છીનવાઈ ગઈ અને ભાવમાં ઘટાડાથી આવક પણ અડધી થઈ ગઈ.

આ માટે ફાયનાન્સિયલ ક્રાઈસીસ પર સ્ટડી કર્યો. આનાં મુદ્દાની રજૂઆત વર્લ્ડબેંકમાં થઈ. તેમણે તેમનાં ફોરમમાં આ મુદ્દાની રજૂઆત કરી. આપણી કાગળ વીણનાર બહેનોને મદદ કરવા આવ્યા. શ્રી ગીતાંજલી મંડળી દ્વારા ધીમે ધીમે બહેનોની રોજી શરૂ થઈ. આમ રોજ સવાર પડેને આ બહેનોને નવા સંઘર્ષ સાથે રોજગારીની શરૂઆત કરવાની. રોજગાર સલામતી ક્યાં ? આવા ઘણા જ સંઘર્ષો રોજેરોજ આવે છે ને પાછા સ્થિર કરવાનો પ્રયત્ન સતત કરતાં રહેવું એ મારો 'સેવા'નો સોલીડ અનુભવ.

❑



નામ : **જ્યોતીબહેન શશીકાંતભાઈ મેકવાન**, સરનામું : શશીજ્યોત બંગલો, રવિકુંજ સોસાયટી, પાધરીયા, આણંદ, ધંધો : તમાકુ કામદાર, હોદ્દો : **પ્રધાનમંત્રી 'સેવા'**

'છેલ્લાં ૬ વર્ષથી 'સેવા' પ્રધાનમંત્રી તરીકેની ફરજ બજાવી. કોમર્સમાં સ્નાતક થયા બાદ અમદાવાદમાં આવેલ 'ભારતીય ગ્રામીણ મહિલા સંઘ'માં ચાઈલ્ડ કેર કાર્યક્રમના સુપરવાઈઝર તરીકે જોડાઈ. મારાં માતા પણ 'સેવા' સાથે જોડાયેલાં છે. ચાર વર્ષ ભારતીય ગ્રામીણ મહિલા સંઘમાં કામ કર્યું. ૧૯૮૬માં 'સેવા' સાથે જોડાઈ. 'સેવા'ના ચાઈલ્ડ કેર પ્રોગ્રામના સંચાલક તરીકે કામગીરી સંભાળી. ત્યારબાદ ખેડા, આણંદ જિલ્લાના ચાઈલ્ડ કેર કાર્યક્રમની સંચાલક પણ બની. ૧૯૮૯માં તમાકુ કામદાર માટે બાળકોને રાખવા માટેની કોઈ વ્યવસ્થા નહોતી. મેં તેવા ગામોમાં આવા સૅન્ટરો ઊભા કર્યાં. આ કાર્યક્રમ હેઠળ બાલસેવા દ્વારા તમાકુ કામદારોના બાળકોને પોષક આહાર, આરોગ્ય અને વિકાસના કામો કર્યાં. આ બધાના કારણે તેમના માતા-પિતાની આવક વધી. જે જોતાં જિલ્લા સ્તરે મંડળીની સ્થાપના થઈ.

માઈક્રો ફાઈનાન્સ હેઠળ ગુજરાતના ૧૧ જિલ્લામાં બચત-ધિરાણના કામો હાથ ધર્યાં. ૪૦૦૦ જેટલાં માઈક્રો ફાઈનાન્સ ગ્રુપો બાંધ્યા. જેમને તાલીમ અને નાણાંનું આયોજન કરતાં શીખવ્યું.

૧૯૯૨માં ખેડા / આણંદ જિલ્લાના સંચાલક તરીકેની કામગીરી કરી. આ જિલ્લામાં મોટાભાગની બહેનો તમાકુ કામની ફેક્ટરીમાં જતાં તે તમામને સંગઠિત કર્યાં. ખેડા, આણંદ જિલ્લાના સંચાલક તરીકેની કામગીરી કરી. આ જિલ્લામાં મોટાભાગની બહેનો તમાકુ કામની ફેક્ટરીમાં જતાં તે તમામને સંગઠિત કર્યાં. ખેડા/આણંદ જિલ્લાની ૬૦૦ ગામની તમાકુ કામદાર બહેનોને પૂર્ણ રોજગારી અપાવી. સામાજિક સુરક્ષા હેઠળ બાલસેવા, આરોગ્ય સેવા વગેરે સાથે સાંકળ્યાં. બચતમંડળો દ્વારા કેટલીય બહેનોને લોન તેમજ ધિરાણની સવલતો પૂરી પાડી. ૨૦૦૨માં 'સેવા'નાં પ્રધાનમંત્રી તરીકે મારી વરણી થઈ. ૨૦૧૧માં પણ પ્રધાનમંત્રી તરીકે વરણી થઈ. શક્તિવિકાસની આગેકૂચમાં સદાય આગળ વધારવા માટે 'સેવા'ની ઋણી છું.

**જ્યોતિ મેકવાન**



નામ : **શાંતાબહેન દયારામ કોષ્ટી**, સરનામું : સી/૨, ગોકુલ એપાર્ટમેન્ટ, હીરાભાઈ ટાવર પાછળ, ઉત્તમનગર, મણિનગર-૮. ઉંમર : ૪૭ વર્ષ, કામ : સંચાલક - સેવા અકાદમી, બીડી કામદાર. હોદ્દો : **'સેવા' મંત્રી**

'મારાં સાસુ 'સેવા'માં જોડાયેલાં હતાં. તેમણે મને પણ 'સેવા'માં જોડી. મૂળ તો બીડી કામદાર એટલે બીડી આપવા જતી ત્યારે ઠેકેદારોની જોહુકમી જોતી. બહેનોની મુશ્કેલીઓ અપાર હતી. આ સમયગાળા દરમિયાન અમારા વિસ્તારમાં શારદાબહેન કોષ્ટી સંગઠક તરીકે કામ કરતાં. અવારનવાર મીટિંગો કરતાં. વેલ્ફેર બોર્ડના ઓફિસરોને લઈને તેમની સાથે બીડી કામદારોને ઓળખકાર્ડ અપાવવાનું કામ કર્યું. ત્યારબાદ બીડીકામદાર બહેનોની આગેવાન બની. લવાજમ તેમ જ અન્ય કામો કરતી. 'સેવા'માં આવતી જતી થઈ.

૧૯૮૮માં ઓક્યુપેશનલ સ્ટડી અંતર્ગત કામદારોના સર્વે માટે મીરાઈબહેન સાથે કામ કર્યું. ૧૯૯૦માં સેવા અકાદમીની સ્થાપના થઈ. તેમાં રિસર્ચર તરીકે મારી પસંદગી થઈ. ૧૩ વર્ષ આ કામ કર્યું. ફિલ્ડમાં જઈને કામ કરતી, લાયબ્રેરીનું કામ પણ કર્યું. શક્તિવિકાસ અને રિસર્ચને લગતી તાલીમો બહેનોને આપતી. ૨૦૦૨માં સેવા અકાદમીના સંચાલકની કામગીરી સંભાળી. જીવિકા પ્રોજેક્ટ અંતર્ગત ભૂકંપગ્રસ્ત કચ્છ, પાટણ, સુરેન્દ્રનગરમાં પણ કામ કર્યું. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ઘણાં બધાં વર્કશોપમાં તાલીમો અને શિબિરોમાં ભાગ લઈને માહિતી મેળવી. બેજિંગ, કેનેડા, લંડન, સાઉથ આફ્રિકા જેવા દેશોમાં 'સેવા'ના કામને રજૂ કરવાની તક મળી.

'સેવા' કારોબારીમાં ત્રણ વર્ષ સભ્ય તરીકે કામગીરી બજાવી. એક બીડી કામદારની સફર આજે 'સેવા'નાં 'મંત્રી' તરફ આગળ વધી રહી છે ! શ્રમજીવી બહેનોના વિકાસની તક એક શ્રમજીવી બહેન કરી રહી છે તે વાતનો મને ગર્વ છે.

'સેવા'નાં કામો આગળ વધે તેવી શુભેચ્છા.

**શાંતા કોષ્ટી**

❑



નામ : **રેહાના રિયાવાલા,** સરનામું : ૫૨, રૂકનપુરા, આસ્ટોડિયા દરવાજા પાસે, અમદાવાદ. ઉંમર : ૪૦ વર્ષ, ધંધો : સંચાલક : ગ્રામસંગઠન, હોદ્દો : **'સેવા', મંત્રી**

"સેવા'માં ૨૦૦૧માં ફાઈનાન્સ કો-ઑર્ડિનેટર તરીકે જોડાઈ. જેમાં સુરેન્દ્રનગર, ખેડા/આણંદ જિલ્લામાં કામ કરવાની તક મળી. આ તમામ કામ સેવા ગ્રામવિકાસ દ્વારા કર્યું. ૨૦૦૭- ૦૮થી ગ્રામ વિકાસના સંચાલક તરીકેની કામગીરી સંભાળી - ખાસ કરીને ખેડા/આણંદ જિલ્લામાં. જેની સભ્ય સંખ્યા ૧.૩૦ લાખ છે. બહેનોને રોજગારલક્ષી તાલીમો, સામાજિક સલામતી હેઠળની કામગીરી, બચત-ધિરાણ વગેરેની સવલતો પૂરી પાડી.

આ ઉપરાંત 'સેવા' દ્વારા સભ્ય બહેનોનાં કામો, વિકાસના કાર્યો, પડકારો, પ્રશ્નો વગેરેની સ્થાનિક તેમ જ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે રજૂઆત કરવાની તક મળી. શ્રમજીવી બહેનોના પ્રશ્નો 'સેવા'માં જોડાયા બાદ સમજવા મળ્યા.

'સેવા'માં જોડાયાં પહેલાં ૧૦ વર્ષ એક અમેરિકા સ્થાપિત કંપનીમાં 'સેન્ટર ફોર ઇન્ટરનેશનલ એનાલીસીસ એન્ડ રિસર્ચ'માં સિનિયર રિસર્ચ મેનેજર તરીકે કામ કરેલું. પણ તેમાં મને રસ પડતો નહોતો.

આટલાં વર્ષોનાં કામના અનુભવને આધારે એક વાત મને સૂઝી. તે એ કે દિવસે દિવસે શ્રમજીવી બહેનો માટે કામ કરવાની ભાવના પ્રબળ બનતી જાય છે. 'સેવા'માં ગ્રામ્ય સ્તરે કામ કરવાની તક આપી તેણે મારી જીવનદૃષ્ટિ બદલી.

હવે મંત્રી તરીકે ચૂંટાઈ તેથી જવાબદારી વધી પણ હું હિંમત રાખીશ. ખુદા તો મદદમાં છે જ.'

**રેહાના**

❑



નામ : **હીનાબહેન નિખીલભાઈ ભટ્ટ**, સરનામું : એ-૪૦૬, સુરભી એપાર્ટમેન્ટ, કર્ણાવતી એપાર્ટમેન્ટ પાસે, જોધપુર, સેટેલાઈટ, અમદાવાદ-૧૫. ઉંમર : ૪૩ વર્ષ, ધંધો : અકાઉન્ટસ, હોદ્દો : **ખજાનચી 'સેવા'**

'૧૯૮૯માં 'સેવા'માં નાણાકીય કામો માટે મારી પસંદગી થઈ. મારો આ પ્રથમ જોબ. અહીં આવી ત્યારે તમામ કામ હાથથી કરતાં, એટલે કે લખીને. કોઈ કમ્પ્યૂટર એન્ટ્રી નહીં. સમય બદલાતાં કમ્પ્યૂટરની તાલીમ 'સેવા'માં લીધી. એન્ટ્રી કરતાં થયાં. હિસાબી કામોમાં કામ કેવી રીતે કરવું તે માટે તિલોનિયા FCRના વર્કશૉપમાં ગયેલાં. ધીમે ધીમે 'સેવા' વધી, મારું કામ પણ. ૧૯૯૮માં 'સેવા'નાં ચીફ એકાઉન્ટ તરીકે મને નીમવામાં આવી. વિવિધ વર્કશોપના માધ્યમથી પ્રોજેક્ટ પ્રમાણે, જેટિંગ, હિસાબી વિષયકને લગતા વિવિધ કામો શીખવા મળ્યાં. આધુનિક સોફ્ટવેર દ્વારા કામ કરતાં થયાં.

'સેવા' કારોબારીમાં 'ખજાનચી' તરીકે મને જે કામગીરી સોંપવામાં આવી છે તેને પ્રમાણિકપણે અદા કરી શકું તેવી ઈશ્વરને પ્રાર્થના છે. ૨૩ વર્ષનો 'સેવા'નો સાથ મળ્યો, તે 'સેવા'ને આગળ લઈ જઈને મારું ખજાનચીપદ સંભાળીશ'.

**હીના ભટ્ટ**

❑

નામ : **રમીલાબહેન જયંતીભાઈ રોહિત**, સરનામું : ગાના, જિ. આણંદ, ઉંમર : ૩૨ વર્ષ, ધંધો : ખેતમજૂર (તમાકુ કામદાર) હોદ્દો : **માજી પ્રમુખ 'સેવા', કારોબારી સભ્ય.**

'હું તો માત્ર ધો.૯ ભણેલી છું. 'સેવા'માં ગયા ૨૦૦૯માં હું પ્રમુખ ચૂંટાઈ ત્યારે મન આનંદિત હતું. આવડી મોટી 'સેવા'માં સભ્યોએ મને ચૂંટી કેમ ? વિશ્વાસ ન બેઠો કે હું પ્રમુખ બની.



૧૯૯૪થી 'સેવા' સાથે છું. હું એક તમાકુ કામદાર છું. સંચાલન ટીમમાં જોડાયા બાદ ધીરે ધીરે ગામમાં વિકાસના કામો શરૂ કર્યાં. 'સેવા'માં મને વિવિધ તાલીમો મળી. હું પણ પછી એક સારી તાલીમકાર અને આગેવાન બહેન બની. મારાં ગામનાં બહેનોમાં 'સેવા'ની વિવિધ પ્રવૃત્તિઓ શરૂ કરી. સાથે સાથે ગામમાં સંકલિત અભિગમને ધ્યાનમાં રાખી. વીમો, બચત, આરોગ્યના કામો કર્યાં. ૧૯૯૭-૯૯ના સમયગાળા દરમિયાન મને ખેતીમાં સારી એવી આગેવાનીનું કામ મળ્યું. મારાં ગામની બેનોને માત્ર સંગઠિત કરવાનું નહિ પણ તેમને રોજગારલક્ષી તાલીમો અપાવવી, અન્યાય સામે લડત ઉપાડવી. સાચી આગેવાની કરી.

ગામના લોકોને બજારમાં ચાલતા વિવિધ પાકોના ભાવની માહિતી આપવાનું કામ કર્યું. ખેતીવિષયક તાલીમો લીધી અને તે જ તાલીમો દ્વારા ગામના લોકોને સમૃદ્ધ કર્યા. પગભર કર્યા. વીમો દ્વારા સુરક્ષા આપી. સંગઠનની શક્તિ દ્વારા થતાં કામો તેમને સમજાવ્યાં. અમારાં કામમાં આવતી મુશ્કેલીઓનો ઉકેલ 'સેવા'ના માધ્યમથી મેળવ્યો. બહેનોમાં બચતની તાલીમ દ્વારા આવકનું આયોજન શીખવ્યું. અમેરિકાના હિલેરી ક્લિન્ટનબેન સાથે મુંબઈ 'હંસીબા'ના ઉદ્‌ઘાટનમાં મારી ઓળખાણ 'સેવા'નાં પ્રમુખ તરીકે ચૂંટાઈ આવી ત્યારે તેમણે મને કહ્યું કે તમે નસીબદાર, હું પ્રમુખ તરીકે ના ચૂંટાઈ એ યાદગાર પ્રસંગ છાપાઓમાં બહુ છપાયેલો.

ખેતી ઉપરાંત બહેનોમાં અન્ય હુન્નર આવે તે માટે સતત પ્રયત્નશીલ છું. ગામ અને કુટુંબમાં આજે જે મોભો મળ્યો છે તે 'સેવા' થકી. 'સેવા'ની કારોબારીમાં આવી તે બહેનોનાં કામોને સરળતાથી ઉકેલતાં શીખી. સૌથી મોટી વાત એ કે મારા મનની વાત રજૂ કરતી થઈ. મનમાં ને મનમાં ઘૂંટાવાનું હવે બંધ.'

**રમીલા રોહિત**

❑



નામ : **રાણબાઈ જેમલભાઈ રાઉમા**, સરનામું : આંતરનેસ, તા. સાંતલપુર, જિ. પાટણ, ઉંમર : ૫૫ વર્ષ, ધંધો : ખેતમજૂર, હોદ્દો : **૨૦૦૦માં માજીપ્રમુખ, કારોબારી સભ્ય 'સેવા'**

'૧૯૯૦-૯૧ સાલમાં રીમાબહેન ગામમાં આવેલાં. ગુંદરકામનાં કામ દ્વારા 'સેવા' સાથે જોડાઈ. આ વાતને આજે ૨૦ વર્ષ થઈ ગયાં. તેવામાં અમદાવાદ સેવા અકાદમીમાં સભ્ય શિક્ષણ, ચળવળ, સંગઠન, લવાજમ, આગેવાન વગેરેની તાલીમો લીધી. ગામમાં સખી મંડળ શરૂ કર્યું. સંસ્કાર કેન્દ્ર શરૂ કર્યાં. મેં ૮૦૦થી ૯૦૦ બહેનોનું સંગઠન કર્યું. પહેલાં ખેતીમાં મજૂરી કરતાં એટલે સ્થિતિ સાવ નંખાઈ ગયેલી. 'સેવા'એ હિંમત આપી. તેમની તાલીમો કામમાં આવવા લાગી. અમારા સમાજમાં હજુયે બહેનો ઘરની બહાર નીકળતી નથી. તેમને જાગૃત કરવાનું કામ આજે પણ ચાલુ છે. રાધનપુર એસોસિયેશનમાં કારોબારીમાં જોડાઈ. ૮થી ૧૦ બહેનોને પણ કારોબારીમાં લીધાં. કોઈપણ તાલીમ હોય ત્યારે મારાં ગામની બહેનો તેમાં ભાગ લેવા જાય તેવી ગોઠવણ મેં કરી જ હોય. તાલીમ લેશે તો કંઈક જાગૃતિ આવશે.

પશુપાલન અંગે પણ બહારની સંસ્થાઓમાંથી તાલીમ મેં મેળવી. તે ગામની અન્ય બહેનોને પણ આપી. મારાં ગામની મહિલા ડેરી સમિતિમાં સભ્ય છું. ખેતીમાં બિયારણ, ખાતર, વાવણી વગેરેનું માર્ગદર્શન ગામની બહેનોને આપું છું. આજુબાજુના ૧૫થી ૨૦ ગામોમાં બહેનો સાથે વિવિધ 'સેવા' વિષયક મીટિંગો કરું છું. મારા ગામમાં માત્ર ધો.૫ સુધી જ શાળા છે. ગામલોકોને સમજાવીને બાળકોને આગળ ભણાવવા વિશે હમેશાં કહેતી રહું છું.

'સેવા' કારોબારીમાં રીમાબહેન સાથે ચીન પણ જઈ આવી. ગામમાં બચતમંડળો દ્વારા દુકાળના સમયમાં કેટલીય બહેનોને ઘાસચારા માટે લોન અપાવી છે. ગાય, ભેંસ ખરીદવા માટે પણ સહાય કરી છે. મારા ગામમાં બે બચતમંડળો છે. તેના દ્વારા ૨૦૦ બહેનોને લોન અપાવી છે. દુકાળના સમયમાં બહેનો સ્થળાંતર ન કરે તે માટે તેમને વિવિધ યોજના તેમ જ બનતી સલાહો આપું છું. બસ, મારી જેમ બીજી બહેનો પણ વિકાસના કામમાં સહભાગી થાય તેવી મનની ઇચ્છા છે. બસ તાલીમો થતી ને થતી જ રહે'.

**રાણબાઈ**

❑



નામ : **અનીશાબાનુ ઈકબાલભાઈ શેખ**, સરનામું : ત્રણદેવડી મંદીરની ચાલી, સારંગપુર, પુલ નીચે, અમદાવાદ, ઉંમર : ૩૭ વર્ષ, ધંધો : અગરબત્તી, હોદ્દો : **'સેવા' કારોબારી સભ્ય.**

અનીશાબેન ૨૫ વર્ષથી અગરબત્તી વણવાનું કામ કરે છે. ઘરમાં બેસીને અગરબત્તી બનાવવાનું બસ, બીજું કશું જ નહિ પણ અનીશાબેન એમની ચાલીમાં અગરબત્તી વણનાર બહેનો સાથે અવરનવાર મીટિંગો કરતાં. કેમકે અનીશાબેન 'સેવા'માં જોડાયાં, સભ્ય થયા તો એમને થયું કે મારા જેવા મારી ચાલીનાં ૩૦ બહેનો અગરબત્તી વણવાનું કામ કરે છે. તેમને સભ્ય કરી એમનું સંગઠન બનાવ્યું. અને આ બહેનોને કામદાર તરીકેની ઓળખ અપાવી. બહેનોને એમકે આપણે તો ઘરમાં બેસીને કામ કરીએ છીએ તો કામદાર કેવી રીતે કહેવાય ? અનીશાબેને 'સેવા'માં કામદાર શિક્ષણવર્ગમાં બહેનોને 'સેવા' વિષેની તાલીમ અપાવીને એમનામાં જાગૃતિ લાવ્યાં અને એમનું સંગઠન મજબૂત બનાવ્યું. તેમને સભ્ય બહેનોએ લીડર બનાવ્યાં ! આજે અગરબત્તી વણનાર ૫૦૦૦ બહેનોનું સંગઠન તેમણે જાતે કર્યું છે.

અગરબત્તી કામદારોને ભાવવધારા માટે માલિક અને ઠેકેદારો સાથે મીટિંગો કરીને ભાવવધારાની માંગણી કરી છે. અગરબત્તીના વેપારીઓના એસોસિયેશન સાથે મીટિંગો કરી અને લેબરઓફિસમાં એસોસિયેશન સાથે મીટિંગો કરી અને ત્રીપક્ષી બોર્ડ બનાવવાની પણ વાત કરી.

એસોસિયેશન દ્વારા નક્કી કરવામાં આવ્યું કે અગરબત્તી કામદારોનું ૫૦ પૈસા ભાવવધારો કરશે એ વખતે ૧૦૦૦

અગરબત્તીના ૪ રૂ. મળતા હતા પછી ૪-૫૦ થયા અને આજે ૧૦થી ૧૨ રૂ. ૧૦૦૦ના છે. અગરબત્તી કામદારોની સભ્ય સંખ્યા ૨૫,૦૦૦ છે. આ તો અનીશાબેન જેવા લીડરો દ્વારા સંગઠન મજબૂત થયું અને પછી સરકારે અગરબત્તી કામદારો માટે અ.સંગઠિત કામદારોનું બોર્ડ બનાવ્યું એમાં ૭૦૦૦ બહેનોની નોંધણી કરાવી અને એમને બોર્ડનો લાભ મળ્યો.

આજે અનીશાબેન 'સેવા' કારોબારીમાં ચુંટાયાં અને એમના સભ્યોએ અને કુટુંબવાળાઓએ ઉત્સાહથી એમને વધાવ્યાં અને ખૂબ ખૂબ શુભેચ્છાઓ આપી.

❑



નામ : **કપિલાબહેન મહેન્દ્રભાઈ જાદવ**, સરનામું : નાની દેવતી, જિ. અમદાવાદ, ઉંમર : ૪૨ વર્ષ, ધંધો : ખેતમજૂરી, હોદ્દો : **કારોબારી સભ્ય 'સેવા'**

'મને 'સેવા'માં જોડાયે ૧૦ વર્ષ થઈ ગયાં. ચેખલાનાં ચંચળબહેન અમારા ગામમાં 'સેવા'નું લવાજમ લેવા આવતાં. મેં લવાજમ લીધું અને જોડાઈ ગઈ 'સેવા' સાથે. ગામમાં થતી વિવિધ તાલીમોમાં ભાગ લેતી. 'સેવા' ચળવળ, સભ્યશિક્ષણ, સંગઠન, લવાજમ, આગેવાન વગેરેની તાલીમો લીધી. આજે પણ મને યાદ છે કે 'સેવા'માં નહોતી જોડાઈ ત્યારે ઘરની પરિસ્થિતિ બહુ જ ખરાબ હતી. બે ટંક ખાવાના પણ સાંસાં હતાં.

સૌથી પહેલા વનીકરણના કામથી શરૂઆત કરી. ત્રણ વર્ષ સુધી આ કામ કર્યું. રોપાનું વેચાણ કરતી. ૪ વર્ષ તો બીજા ગામોમાં જઈ સભ્ય શિક્ષણ, ચળવળ, સંગઠન, ખેતીવિષયક, પશુપાલન વગેરેની તાલીમો આપવાનું કામ કર્યું. ગામમાં પાણી ઝુંબેશ, સ્વચ્છતા, આરોગ્ય વગેરે વિષયો પર કામ કર્યાં. રેલીઓ કાઢી બહેનોને જાગૃત કર્યાં. પહેલાં ખેતમજૂરીના કામમાં મને કંઈ મળતું નહોતું. 'સેવા'માં આવીને પાછું વળીને જોયું નથી. નાણાકીય આયોજનની તાલીમ લઈ પૈસાનું આયોજન કરતાં શીખી. હવે તો મારાં ઘરમાં પૈસાનો વહીવટ, સમાજના વ્યવહાર બધું હું જ સંભાળું છું. ઘરમાં માન પણ વધ્યું. રાંધવાનો શોખ બહુ છે. એટલે ગામમાં જ પૌઆનો ચેવડો, સેવ, ખમણ વગેરે નાસ્તા બનાવીને તેનું વેચાણ પણ કરું છું. વરસાદી વીમાનું કામ પણ કરું છું. સેવાબેંકમાંથી લોન લઈને ૧૦ વીઘા જમીન ખરીદી. વિવિધ પાકો લેવાની રીતોથી તાલીમ આપું છું. ગામના લોકોને સેન્દ્રિય ખાતર બનાવતાં શીખવ્યું. ઉકરડા દૂર કરાવ્યા. પાણીનો બગાડ અટકાવ્યો.

હાલમાં તો હું ફૂડ પ્રોસેસિંગમાં માસ્ટર ટ્રેનર છું. સંકલિત અભિગમ પ્રમાણે કામ કરું છું. ખેતરમાં ખેતમજૂરી કરતી આજે હું 'સેવા' સાથે જોડાઈ તો ફૂડ પ્રોસેસિંગમાં માસ્ટર ટ્રેનર બની ગઈ. હવે કારોબારીમાં ચૂંટાઈને વધારે ને વધારે બહેનોનાં કામ કરીને 'સેવા'ની સેવા કરવી છે.

**કપિલા જાદવ**

❑



નામ : **શારદાબહેન ફતેસિંહ ઝાલા**, સરનામું : ગામ : મોટા વાસણા તા. બાયડ, જિ. સાબરકાંઠા, ઉંમર : ૩૫ વર્ષ, ધંધો : ખેતમજૂરી, હોદ્દો : **કારોબારી સભ્ય 'સેવા'**

'ઘરની ઓછી આવક અને વધતી મોંઘવારીમાં કોઈ સંસ્થા મદદરૂપ થાય તેવી આશા મનમાં ક્યાંય ખૂણે પડેલી. તે આશાનું કિરણ બની 'સેવા'. ૨૦૦૧માં 'સેવા'નો હાથ ઝાલ્યો. શરૂઆત મારાં ગામની બહેનોથી કરી. 'સેવા'નો રસ્તો દેખાડનાર જશોદાબેન.

ગામમાં 'સેવા'નાં કામોની વાતો કરી. મીટિંગો કરી બહેનોને સમજાવ્યાં. ૨૫ બહેનોનું સંગઠન કર્યું. થોડા સમય બાદ ગામમાં વીમાનું કામ હાથમાં લીધું. ૨૫ બહેનોને પણ વીમોસેવા સાથે જોડી ૨૦૦૨માં શકુંતલાબહેન સાથે સંચાલન ટીમમાં જોડાઈ. સંસ્થાનાં વિવિધ કામો કરતાં કરતાં મને મહેનતાણું મળવા લાગ્યું. ઘરની સ્થિતિ સુધરવા લાગી. ખેતીમાં સિઝન પ્રમાણે વાવેતર કરતાં આવક મળી. ખેતી વિષયક તાલીમો દ્વારા ખેતી કરવામાં સફળતા મળી. ધીરે ધીરે હું વીમો, સંગઠન, બચતમંડળ, રૂડી તથા ખાતર, બિયારણ વગેરે કામો સાથે જોડાઈ. પહેલાં તો ક્યારેય પતિ વગર હું ઘરની બહાર નીકળતી નહિ. 'સેવા'નો હાથ પકડ્યો અને અમદાવાદમાં થતી વિવિધ તાલીમોમાં જવા લાગી. વિદેશ પણ ઉડી આવી. સિંગાપોરનો પ્રવાસ તો આજેય યાદ છે. મારું પોતાનું મકાન કર્યું. ઈન્દિરા આવાસ યોજનામાં મકાન લીધું તેય પાકું. મારા ઘરનાં આંગણે બે ગાયો તથા ભેંસ બાંધેલી છે. આણંદ કૃષિ યુનિવર્સિટીમાં વેટરીનરીની તાલીમ લીધી. તે તાલીમનો લાભ મારા ગામ પૂરતો નહિ રાખતાં અન્ય ગામોમાં તેની માહિતી આપી. આજે મારાં બાળકો અભ્યાસ કરી રહ્યાં છે તે 'સેવા'ના પ્રતાપે.

આજે મારાં ગામમાં મારી ઓળખ 'સેવા'ની બહેન તરીકે થાય છે. જેનો આભાર હું 'સેવા'ને આપું છું. સંગઠનનો આટલો બધો પરભાવ હોય છે તે સમજી છું.'

**શારદાબહેન ઝાલા**

❑



નામ : **મંજુલાબહેન મનહરભાઈ રાઠવા**, સરનામું : વિસાડી, તા. પાવીજેતપુર, જિ. વડોદરા, ઉંમર : ૩૮ વર્ષ, ધંધો : ખેતમજૂરી, હોદ્દો : **કારોબારી સભ્ય 'સેવા'**

'વર્ષ ૨૦૦૨માં અમારાં ગામમાં 'સેવા'ની બહેનો રોપા વિતરણ કરવા આવ્યાં ત્યારે હું રોપા લેવા માટે ગઈ અને બની ગઈ 'સેવા'ની સભ્ય. રોપા લીધા પછી બહેનોએ ગામના બહેનો સાથે મીટિંગ કરી 'સેવા'ની વાત કરી. હું સુખી મહિલા સેવા મંડળની ઓફિસમાં આવી ત્યાં મમતાબહેન દ્વારા 'સેવા'ની માહિતી વિગતવાર જાણી. આગેવાન તરીકે કામ કરવાની તૈયારી બતાવી. જેમાં મેં સભ્ય શિક્ષણ, બચત, વીમો અને આરોગ્ય વિષયક તાલીમો લીધી. તૈયાર થઈ. ગામોમાં

આ જ તાલીમો આપવાનું કામ શરૂ કર્યું. મારાં ગામમાં બચતમંડળ બનાવ્યું. ૧૫ બહેનો તેમાં જોડાયાં. લોન મંડળ કર્યું. બીજું મંડળ પણ બનાવ્યું. કિશોરીમંડળ પણ અમારાં ગામમાં શરૂ કરાવેલું. આમ ગામમાં 'સેવા'ની પ્રવૃત્તિઓ ધમધમતી કરી. મારી શક્તિ પર મને નવાઈ લાગતી.

પહેલાં ગામમાં હું મનહરભાઈની વહુ તરીકે ઓળખાતી હવે બધા મને મંજુલાબહેન કહીને બોલાવે છે. ધીરે ધીરે આવડત વધતાં (જ્ઞાન વિજ્ઞાનકેન્દ્ર)ના પ્રોગ્રામને સાંભળવા લાગી. ઘરમાં ઘરવાળાને તેના કામમાં મદદ કરતી. સેવા મેનેજર દ્વારા એમબીએના કોર્ષની ૧૯ દિવસની તાલીમ લીધી. જેમાં ધંધા માટેની વિસ્તાર પૂર્વકની સમજ પડી. મારા ઘરવાળાને આ વાતો સમજાવી. ધંધો શરૂ કરવાની યોજના બનાવી. બચતમંડળમાંથી ૨૦૦૦ રૂ.ની લોન લઈ ધંધો શરૂ કર્યો. ધંધો સારો ચાલ્યો એટલે ૫,૦૦૦, ૧૫,૦૦૦, ૧૭,૦૦૦ રૂ.ની લોન સમયાંતરે લીધી.

'સેવા'માં જોડાયા પછી મારો ખરા અર્થમાં શક્તિવિકાસ થયો. હું દિલ્હી, મૈસુર, રાજસ્થાન, રાજકોટ અને ખેડૂત તાલીમ દ્વારા મહારાષ્ટ્ર - આ બધી જગ્યાએ 'સેવા'એ જવાનો મોકો આપ્યો. જાહેરમાં બોલતી થઈ. 'સેવા'નો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.'

**મંજુલા રાઠવા**

❑



નામ : **પવનબા વાઘુભા જાડેજા**, સરનામું : સોનલનગર, તા. લખપત, જિ. કચ્છ, ઉંમર : ૫૦ વર્ષ, ધંધો : ખેતી, પશુપાલન, હોદ્દો : **કારોબારી સભ્ય 'સેવા'**

'૨૦૦૧માં સોનલનગરમાં 'સેવા' આવી. ધરતીકંપ વખતે બહેનોને ભરત ભરવા આપતાં. કામ મળતું જોઈ 'સેવા'માં આવી. ભરતની તાલીમ લીધા બાદ જ ભરત ભરવા આપતાં. મેં ઘણા ધક્કા ખાધા. 'સેવા'માં મારી મુલાકાત અમદાવાદનાં ગીતાબહેન સીતાપરા આવેલાં, તેમણે મને પાણી ઝુંબેશની સંચાલન ટુકડીમાં રાખી. ભરત તો ના મળ્યું પણ પાણી-ઝુંબેશમાં 'ચળવળ તાલીમ' લીધી. ત્યારબાદ તો બચતની તાલીમ, ફોટોગ્રાફીની તાલીમ, રૂડીની તાલીમ, મેનેજર શાળા હેઠળ મીની MBAની તાલીમ લીધી. કોઈમ્બતુરમાં ૮ દિવસની તાલીમ લીધી. ગામલોકોએ ટીકા ખૂબ કરી પણ તાલીમો દ્વારા હિંમત આવી. ધંધો કરવાનો વિચાર મને સૂઝ્યો. બાઈમાણસ ધંધો કરે તે વાતે મને થોડી ગભરાવી. પણ હિંમત કરી એસોસિયેશનમાંથી રૂ. ૨૫૦૦૦ની લોન લીધી. શરૂ કર્યો ઘાસચારાનો ધંધો. ધંધો ચાલ્યો. મહિને ૪૦૦૦થી ૫૦૦૦ રૂ.ની આવક થઈ. તેમાંથી ૧ ગાય અને ભેંસ ખરીદી. હાલમાં પશુપાલન ધંધો કરું છું. ગામડામાં સભ્ય ફી લેવા જતાં ત્યારે ગામોમાં લાઈટની તકલીફો જોઈ અને અનુભવી પણ ખરી. પછી લીધી સોલરબત્તીની તાલીમ. લોકોને સોલરબત્તીની માહિતી આપી. સોલરબત્તી વેચવાનો વિચાર આવ્યો. એસોસિયેશનમાંથી રૂ. ૯૦,૦૦૦ લોન લીધી. સોલરબત્તી ખરીદી. ૩૦ બહેનોને તેનું વેચાણ પણ કર્યું. તેના દ્વારા બહેનો રાત્રે ભરત ભરતી. પરિણામે ૧૫ દિવસનું કામ અઠવાડિયામાં પૂરું થઈ જતું. બીજા ઉદ્યોગો દ્વારા પણ ગામમાં રોજગારી શરૂ કરાવી. બાળકો રાત્રે પણ ભણતાં થયાં. સોલરબત્તીના વેચાણલોનની મુદત ૧ વર્ષની હતી પરંતુ મેં તો ૬ મહિનામાં જ તે ભરપાઈ કરી દીધી. ગામમાં રોજગારી અને વીજળીની સમસ્યા દૂર કરી. 'સેવા' સંગઠનમાં જોડાયાં પછી મારાં જીવનમાં ઉજાસ આવ્યો. સાથે સાથે ગામમાં પણ ઉજાસ આવ્યો. સદાય આવા ઉજાસ સાથે કામ કરતી રહું તેવી આશા સાથે.'

**પવનબા**

❑



નામ : **દેવુબહેન જયંતિભાઈ રાઠોડ**, સરનામું : ઘનશામપુર, તા. હળવદ, જિ. સુરેન્દ્રનગર, ઉંમર : ૪૧ વર્ષ, ધંધો : મીઠાકામદાર, ખેતકામદાર, હોદ્દો : **કારોબારી સભ્ય 'સેવા'**

'૮ મહિના રણ, ૪ મહિના ગામમાં - આ જ અમારું જીવન હતું. પિયરમાં અને સાસરીમાં બંનેમાં મીઠાનું કામ અને થોડું ખેતીકામ કરતી. આ પરિસ્થિતિ બદલાઈ 'સેવા'માં જોડાયા બાદ. 'સેવા'ની સભ્ય બની અને મારા વિસ્તારમાં બચતમંડળ બનાવ્યું. ૧૫ બહેનોનું મંડળ કર્યું. પછી બની આગેવાન. મારા ઘરમાં હું પહેલી એવી વહુ છું કે જે ધો.૧૦ ભણેલી છે. ગામડે ગામડે ફરીને ૩૦૦૦ બહેનોનું સંગઠન કર્યું. 'સેવા'માં આવ્યા બાદ મીઠાની તાલીમ લીધી. તેમાં જ હું માસ્ટર ટ્રેનર તરીકે તૈયાર થઈ. હવે તો હું પોતે પણ મીઠા કામદારોને તાલીમ આપું છું. આ સિવાય ગામડે ગામડે બહેનોને રોજગારી કેવી રીતે મેળવવી તેની વાતો શીખવું છું. રોજગારલક્ષી તાલીમો આપું છું. આ બધાં કામો કરવાથી મારી આવક થવા લાગી. મારાં કુટુંબમાં એક સ્પેશીઅલ બની ગઈ. સમાજમાં ઓળખતાં થયા. 'ગામમાં એકલી ન નીકળનાર દેવુ આજે અમદાવાદ જવા લાગી. બહેનો સાથે મીટિંગો અને તાલીમો કરવા લાગી. કહેવું પડે, એટલા માટે સ્પેશિયલ.

તાજેતરમાં જ રૂડીનું એક દિવસનું રૂ. ૧૫,૦૦૦નું વેચાણ કર્યું. ગામડે ગામડે રૂડી બહેનો પણ બનાવું છું. આ રીતે બહેનોની આવક વધારું છું. આ કામગીરીના ફળસ્વરૂપે કદાચ મને સુરેન્દ્રનગર જિલ્લામાંથી 'સેવા' - કારોબારીમાં મને ચૂંટવામાં આવી.

બસ મારે તો બહેનોનો વિકાસ કરવો છે. 'સેવા' સાથે ૮ વર્ષથી મીઠાકામદાર મંડળીમાં જોડાયેલી છું. બસ ગામની બહેનોનો શક્તિવિકાસ એજ મારું ધ્યેય છે.

**દેવુબહેન**

❑

નામ : **પુષ્પાબહેન ફકીરભાઈ સુથાર**, સરનામું : પોર, તા.જિ. ગાંધીનગર, ઉંમર : ૫૪ વર્ષ, ધંધો : ખેતમજૂરી, **હોદ્દો : કારોબારી સભ્ય 'સેવા'**

'ગામમાં દાયણતાલીમ 'સેવા'એ ૧૯૯૧માં કરેલી. એ તાલીમ



લીધી અને ગામમાં સુવાવડ કરાવવાનું કામ શરૂ કર્યું. ત્યારબાદ 'સેવા'ની પાણી જન જાગૃતિનું કામ શરૂ કર્યું. તેમાં ગામેગામ જઈને પાણી સમિતિ બનાવી અને જનજાગૃતિની તાલીમો દ્વારા બહેનોને જાગૃત કર્યાં. કેટલાય ગામોમાં પાણીનો બગાડ અટકાવ્યો. બચાવ કરતાં શીખવ્યું.

આ બધાં કામો કરતાં કરતાં સોલરબત્તીની તાલીમ લીધી અને તેનું રિપેરીંગ કામ પણ શીખી. આ જ કામ દ્વારા ગામમાં કેટલાય ઘરોમાં ઉજાસ આવી. હાલમાં સ્વાવલંબન કાર્યક્રમ હેઠળ સોલરબત્તીના માસ્ટર ટ્રેનર તરીકેની કામગીરી સંભાળું છું. જે તાલીમો 'સેવા'માંથી મને મળી તે જ તાલીમો મારા જેવી શ્રમજીવી બહેનોને આપવાનું કામ કરું છું.

દાયણબાઈ પછી તાલીમબેન પછી સોલરબેન, પછી માસ્ટર ટ્રેનર આમ મારાં જીવનની ગાડી ચાલી. તોય આમ તો મૂળ મારો પશુપાલનનો વ્યવસાય અને હવે તો કારોબારીબેન. કેવું થયું મારા જીવનનું ?'

**પુષ્પાબેન સુથાર**

❑



નામ : **સાબેરાબહેન અહેમદભાઈ ઘાંચી**, સરનામું : કડી, જિ. મહેસાણા, ઉંમર : ૪૨ વર્ષ, ધંધો : ખેતમજૂર, **કારોબારી સભ્ય 'સેવા'.**

'હું 'સેવા'માં ૧૦ વર્ષથી જોડાઈ છું. 'સેવા'માં જોડાઈ ત્યારે ગોધરા હત્યાકાંડ થયેલો. તેથી કડી તાલુકાના શાંતાબહેનો અને બાળકોનું કામ સંભાળતી હતી. 'શાંતાબહેનો' - હુલ્લડના અસરગ્રસ્ત બહેનોનાં ગામમાં બચત મંડળો બનાવી તેમને લોન-ધિરાણ અપાવ્યું. રોજગારલક્ષી તાલીમો પણ અપાવતી હતી. સાબુ-પાવડર, પગલુંછણીયા અને અગરબત્તીની તાલીમો દ્વારા બહેનોને પગભર કરવાનું કામ કર્યું. અમારા મહેસાણા જિલ્લામાં ૩૫૦૦૦નું સંગઠન ચાલે છે. તેમાં ૧૦ પ્રવૃત્તિનું કામ ચાલે છે. તેમાં અમે ખેડૂતોનો સર્વે કરી સર્ટીફાઈડ બિયારણ ખેડૂતોને અપાવું છું. બજારમાં ચાલતા વિવિધ પાકોના ભાવોની માહિતી સીધી ખેડૂતોને આપું છું. કડી તાલુકામાં પણ બચતમંડળો ચાલે છે. તેમાં ૧૭ મંડળો હું સંભાળું છું. તેમાં બહેનોને બચત કરતાં શીખવ્યાં. બચત વિષયક તાલીમો અપાવી. કડી તાલુકામાં ચાલતા ૭થી ૮ મંડળોમાં રૂ. ૭ લાખની લોન અપાવી. તથા બૅંકોની લોન પણ અપાવી છે. લોન લઈને કેટલીય બહેનોએ ધંધો શરૂ કરેલો છે. એક બહેન તો હાલમાં એક લાખથી બે લાખની લોન લઈ સાડીનો વેપાર કરે છે. ફોલઈન્ટરલોકના મશીન માટે, દૂધના ધંધા માટે કે પછી ખેતરમાં પાઈપલાઈન નંખાવી હોય તો તે તમામ માટે બેંકમાંથી લોન અપાવું છું. ગામનાં બહેનોને રૂડીની વસ્તુઓ વાપરતાં કર્યાં. ગામના પ્રસંગોમાં રૂડીના ઓર્ડર લેવાનું કામ કરીએ છીએ. વીમો સાથે કેટલીય બહેનોને જોડી છે. વીમાની વિવિધ યોજનાઓની માહિતી બહેનોને આપીને તેમને સલામતી આપી છે. આમ, 'સેવા'ની સેવાઓ બહેનોને પહોંચાડીએ છીએ. જય સેવા'

**સાબેરાબહેન ઘાંચી**

❑



નામ : **સરોજબહેન રવિન્દ્રભાઈ પરમાર**, સરનામું : ૧૭૫ રામીની ચાલી, સત્તાધાર સોસાયટીની સામે, રખિયાલ રોડ, અમદાવાદ, ઉંમર : ૪૩ વર્ષ, ધંધો : બીડીકામદારોનું સંગઠન. **હોદ્દો : કારોબારી સભ્ય 'સેવા'**

સરોજબેન બીડી ૧૦૦૦ બનાવતાં ત્યારે રૂ. ૭થી ૧૦ મળતાં. રખિયાલમાં બીડીકામદારો ૧૫૦થી ૨૦૦ હતાં. 'સેવા'માં જોડાયાં પછી મીટિંગો કરી, બીડી કામદારોની ડિસ્પેન્સરીમાં જઈને તેમને આઈકાર્ડ અપાવતાં. વેલફેર બોર્ડની માહિતી આપતાં.

સરોજબેન ૨૫ વર્ષથી બીડી કામદારોના સંગઠનમાં જોડાયેલાં છે અને ૮ વર્ષથી ઝુંબેશટીમમાં બીડી કામદારોનું સંગઠન કરે છે. ૨૦૦૩થી કારોબારીમાં છે. બીડીકામદારોનું સંગઠન અને એમના પ્રશ્નો હલ કરવાનું કામ ખૂબ જ સારી રીતે કરે છે. સાથે સાથે માલિક અને ઠેકેદારો સાથે વાતચીત કરી કામદારોના પ્રશ્નો જેમ કે મરણના, આઈકાર્ડ બનાવવાના, બૅન્કમાં ખાતાં ખોલવા, બાળકોની સ્કોલરશીપના, પ્રસૂતિસહાય દરેક પ્રશ્નોને સારી રીતે હલ કરી શકે છે. સારી રીતે ધંધા સમિતિ ચલાવી શકે છે. ભાવવધારા, પી.એફ. માટે બહેનો અને માલિકોના સંપર્કમાં રહેતાં. વેલફેર બોર્ડની યોજનાથી વંચિત ના રહી જાય તે ખાસ જોતાં.

બહેનોને વૈકલ્પિક રોજી સાથે જોડવાનાં કામ અને સંગઠનને ટકાવી રાખવાની ખૂબ જ હોંશિયારી એમના પાસે છે.

❑



નામ : **ચંપાબહેન નગીનભાઈ પટણી**, સરનામું : અમૃતલાલ કેશવલાલની ચાલી, અસારવા, ચમનપુરા, અમદાવાદ-૧૬. ઉંમર : ૪૨ વર્ષ, ધંધો : શાકભાજી વેચનાર, હોળીચકલા, ચમનપુરા, સ્વાભાવિક બજારમાં. અમદાવાદ, **હોદ્દો : સભ્ય કારોબારી 'સેવા'.**

ચંપાબેન ૧૫ વર્ષથી શાકભાજી ચમનપુરા હોળીચકલા બજારમાં વેચે છે. આ બજારની શરૂઆત છેલ્લા ૫૦ વર્ષથી મચ્છી વેચનાર ૭ બેનોથી શરૂ થયેલ. જેમાં ચંપાબેન પોતાની સાસુ સાથે વેચતાં. આ બજારમાં ૧૫૦થી વધુ વેચનારા શાંતિથી ધંધો કરી શકે છે તે ચંપાબેન જેવા મજબૂત નીડર આગેવાનને આભારી છે. અને આ જગ્યાએ વેચનારને ચમનપુરા બ્રીજ નીચે મ્યુ.કોર્પો. દ્વારા જગ્યા ફાળવવામાં આવી છે. તેમાં સભ્યોને સમજાવી જગ્યા બદલાવવા માટે આગેવાની લઈ કામ કર્યું.

ચંપાબેને અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારમાં ૫૦૦૦ સભ્યોનું સંગઠન કર્યું છે. તેમના પ્રશ્નો જગ્યા-દબાણના હલ કર્યા.

અંદરો અંદરના ઝઘડા અને કોર્ટમાં પણ દંડ ભરાવવો, મોબાઈલ વાન આવી હોય તો દંડ બચાવવો. ઓછો કરાવવો. પોલીસ-દબાણમાં સમજાવીને કામ લેવાનું કામ કરે છે.

તેઓ 'સેવા'માં વેચનારાના કામદાર શિક્ષણ વર્ગ ચલાવી સભ્યોને સારી સમજ આપે છે. બજારમાં કેવી રીતે ગ્રાહકો સાથે વર્તન રાખવું તે સમજાવે. કાયદાની વાત પણ સમજાવે. ખૂબ જ પ્રેમથી સભ્યોને ગળે ઉતરે તે પ્રમાણે સમજાવે. વેલફેર બોર્ડમાં તેમણે ૧૫૦૦ સભ્યોની નોંધણી કરાવી છે. બેનોને વેલફેરબોર્ડની કીટ, તાલીમો આરોગ્ય મેડીકલ સેવા વગેરે અપાયેલ છે. સેવા વીમાનો પણ લાભ અપાયેલ છે.

તેમણે ઝાંબીયાના વેચનારાના સંગઠનની મુલાકાત લીધી છે.

ચંપાબેને સુરત શહેરમાં વેચનારાનાં સંગઠનનું કામ પણ એક વર્ષથી શરૂ કર્યું છે. અને ત્યાં ૧૫ ડિસેમ્બર ૨૦૧૦માં ૧ સંમેલનનું આયોજન કરેલ જેમાં ૨૫૦૦ જેટલાં વેચનારાંએ ભાગ લીધો અને તેમને સંગઠનની જરૂરિયાત પર ભાર મુકીને સમજાવ્યાં. આજે સુરતમાં ૭,૬૮૦ વેચનારાનું નવું સંગઠન ઊભું કરવામાં તેમનો મહત્ત્વનો ફાળો રહેલો છે.

ચંપાબેને સંગઠન 'સેવા'માં કેમ વધે અને સભ્યો માટેના જગ્યા-દબાણના પ્રશ્નો વહેલી તકે હલ થાય તેવી જ ભાવના ઇચ્છા સાથે હાલ કામ કરી રહ્યા છે.

❑



નામ : **ધનીબેન ઈશ્વરભાઈ પરમાર**, સરનામું : શકરાઘાંચીની ચાલી, પોષ્ટઓફિસ પાછળ, ગોમતીપુર, અમદાવાદ, ઉંમર : ૪૮ વર્ષ, ધંધો : રસોડાકામ સંગઠક, હોદ્દો : **'સેવા' કારોબારી સભ્ય**

ધનીબેન પોતે સાસરે આવ્યાં ત્યારથી તે રસોઇયા પાસેથી ચિઠ્ઠીઓ લઈને ૧૦થી ૨૦ બહેનોને લઈને કામે જતાં અને હાલમાં પણ રજાના દિવસે આ કામ સાથે જોડાયેલાં રહે છે.

૧૯૯૯માં જ્યારે 'સેવા'માં ધંધા પ્રમાણે ઝૂંબેશ ચાલુ કરી ત્યારથી 'સેવા'માં જોડાયેલ અને તેમણે અમદાવાદ શહેર અને આજુબાજુના ગામોમાં ફરી ૪૦૦૦ સભ્યોનું સંગઠન કર્યું છે અને હાલમાં રસોડાકામનું સંગઠન ૨૭૦૦૦ હજારનું છે.

ધનીબેને રસોડાકામની ધંધાસમિતિનું સંગઠન કર્યું અને ૧૦૦ જેટલા આગેવાનો તૈયાર કર્યા અને બહેનોનો ભાવવધારો કરાવવો બોનસ અપાવવું તે કામ સારી રીતે કરાવી શકે છે.

૨૦૦૯માં સરકારે અસંગઠિત બોર્ડમાં રસોડાકામનાં કામદારોનો સમાવેશ કર્યો એટલે ધનીબેને ૧૦૦૦ બેનોની બોર્ડમાં નોંધણી કરાવી, ૧૦૦ બહેનોને ધંધાની કીટો અપાવી.

જ્યારે ૨૦૦૨માં કોમીતોફાન થયું તેમાં ધનીબેને ઘણા બધા વિસ્તારમાં આગેવાની લઈને કરફ્યુ હોવા છતાં ડર્યા વગર ગલીએ ગલીએ ફરીને માહિતી લાવતા અને જે કામદાર બહેનોને નુકસાન થયું હોય તેની રજૂઆત 'સેવા'માં કરતાં અને જ્યારે પતરાં, સીમેન્ટ અને ઈંટો આપવાનું કર્યું ત્યારે આ બેન રાતદિવસ જોયા વગર

## 'સેવા'નાં ભૂતપૂર્વ જનરલ સેક્રેટરી

ઈલા ર. ભટ્ટ ૧૯૭૨થી ૧૯૯૬

મિરાઈ ચેટરજી

રીમા નાણાવટી

નમ્રતા બાલી

જ્યોતિ મેકવાન

જ્યોતિ મેકવાન

## 'સેવા'નાં ભૂતપૂર્વ પ્રમુખો

- ગોદાવરીબહેન

બાલમ્માબહેન

- શાન્તાબહેન પાઉલભાઈ
- રાણબાઈ રાઉમા
- રાણબાઈ રાઉમા
- ભાનુબહેન સોલંકી
- રમીલાબહેન રોહિત

## 'સેવા'નું માનદ્ મંડળ

સ્થાપક : ઇલા ર. ભટ્ટ

**માનદ મંડળ**

રેનાના ઝાબવાલા

જયશ્રી વ્યાસ

નમ્રતા બાલી

મિરાઈ ચેટરજી

રીમા નાણાવટી

મનાલી શાહ

## નેશનલ કાઉન્સિલના હોદ્દેદારો

ચેરપર્સન : મનોરમાબહેન જોષી - મધ્યપ્રદેશ

પ્રધાનમંત્રી : જ્યોતિબહેન મેકવાન - ગુજરાત

વાઇસ ચેર : ફરીદા જેલીસ - ઉત્તરપ્રદેશ

મંત્રી : મનાલી શાહ - ગુજરાત

મંત્રી : નૂતન સીંગ - બિહાર

# શ્રી મહિલા સેવા સહકારી બૅન્ક લિ.

**મુખ્ય ઓફિસ : ૧૦૯, સાકાર-૨, ટાઉન હૉલ સામે, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦૦૦૬.**

**ફોન નં. ૨૬૫૮૧૬૫૨, ૨૬૫૮૧૫૯૭**

**નેશનલ પૅન્શન સિસ્ટમ - લાઈટ (સ્વાવલંબન)**

## બચાવ આજે, ઘડપણ માટે

**ભારત સરકારના પ્રાયોજિત - શ્રી મહિલા સેવા સહકારી બેન્ક લિ. પ્રેરીત NPS-Lite (સ્વાવલંબન) પૅન્શન યોજના NPS-Lite (સ્વાવલંબન) યોજના કેન્દ્ર સરકાર દ્વારા તા. ૨૬-૯-૨૦૧૦ના રોજ શરૂ કરવામાં આવેલ છે.**

(૧) ૧૮થી ૬૦ વર્ષની ઉંમર ધરાવતો ભારતીય નાગરિક આ યોજનામાં જોડાઈ શકે.

(૨) આ યોજનામાં જોડાવા માટે KYC (તમારા ગ્રાહકને ઓળખો) ધોરણો મુજબ સભ્યનો કલર ફોટો, ઉંમરનો પુરાવો, ફોટાવાળું ઓળખપત્ર અને રહેઠાણનો પુરાવો આપવો ફરજિયાત છે. જે બહેનોનું બચત ખાતું હોય તેમને પોતાની બચત પાસબુક સાથે લાવવી જરૂરી છે.

(૩) આ યોજનામાં ઓછામાં ઓછા રૂ. ૧૦૦ ભરીને જોડાઈ શકો.

(૪) આ યોજના હેઠળ જે સભ્યના NPS-Lite (એનપીએસ લાઈટ) ખાતામાં નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨ એટલે કે તા. ૩૧-૩-૨૦૧૨ના સમયગાળા દરમિયાન ઓછામાં ઓછા રૂ. ૧૦૦૦ અને વધુમાં વધુ રૂ. ૧૨૦૦૦નો નિયમિત વાર્ષિક ફાળો (દર વર્ષે) રોકાણ કરનારને આગામી ચાર વર્ષ સુધી સરકાર તરફથી વાર્ષિક રૂ. ૧૦૦૦ સહ ફાળાનો લાભ મળશે. જે સભ્યના NPS-Lite (એનપીએસ લાઈટ) યોજનાના ખાતામાં જમા કરવામાં આવશે.

(૫) સ્વાવલંબન યોજનામાં (સરકાર તરફથી રૂ. ૧૦૦૦ સહફાળો) ૨૦૧૧-૧૨ વર્ષનો લાભ લેનાર સભ્યોએ તા. ૩૧-૩-૨૦૧૨ સુધી NPS-Lite (એનપીએસ લાઈટ) ખાતામાં ઓછામાં ઓછા રૂ. ૧૦૦૦ અને વધુમાં વધુ રૂ. ૧૨૦૦૦ સુધી તેમનો ફાળો જમા કરાવવો જરૂરી છે.

(૬) NPS-Lite (એનપીએસ લાઈટ)માં જોડાયેલ સભ્યોને સરકાર તરફથી (PRAN) પ્રાન કાર્ડ આપવામાં આવશે. જેમાં સભ્યનો ફોટો, નામ અને પ્રાન (PRAN) નંબર હશે અને વર્ષમાં એકવાર દરેક સભ્યને તેમના નામે જમા રકમની વિગતનું એનપીએસ લાઈટ ખાતાનું સ્ટેટમેન્ટ આપવામાં આવશે.

(૭) ૬૦ વર્ષની ઉંમર પૂર્ણ થયા બાદ જ પેન્શન મળવાનું શરૂ થશે અને જે તે એકત્રિત થયેલ રકમમાંથી આંશિક ઉપાડ કરી શકાય અને બાકીની રકમ પેન્શન રૂપે મળી શકે.

(૮) આ યોજનામાં કરેલ રોકાણ આયકર અધિનિયમ-૧૯૬૧ની ધારા ૮૦ C અંતર્ગત કર બચત માટે યોગ્ય છે.

(૯) દરેક રોકાણકારની એકત્રિત થયેલ મૂડીનું રોકાણ - ૧૫% ભંડોળનું રોકાણ ઈક્વીટીમાં તથા ૮૫ ટકા ભંડોળનું રોકાણ નિશ્ચિત આવકવાળા સાધનોમાં કરીને રોકાણકારોને પૂંજીવૃદ્ધિ આપવાનું છે.

(૧૦) તા. ૧-૧-૨૦૧૨થી શરૂ થતી NPS-Lite (એનપીએસ લાઈટ) યોજના (સ્વાવલંબન)માં ખાતેદારોએ રકમ સેવાબેંકની NPS-Lite (એનપીએસ લાઈટ) પેન્શન ડિપોઝીટ યોજનામાં મૂકવાની રહેશે અને વખતોવખત સભ્યના પેન્શન ડિપોઝીટ ખાતામાં જમા થયેલ રકમ NPS-Lite યોજનામાં જમા થશે આ રકમ સભ્ય પોતે / બેંક સ્ટાફ / બેંક સાથી દ્વારા જમા કરી શકાય છે. એ માટે નાણાં આપતી વખતે પહોંચ અવશ્ય લેવી. પહોંચ વગર આપેલ નાણાંની જવાબદારી બેંકની રહેશે નહીં.

સેવા બેંક દ્વારા આ યોજનામાં રોકાણ કરનાર દરેક સભ્યોને જો દર મહિને આ પેન્શન યોજના માટે ૧૦ વર્ષ સુધી ફિક્સ ડિપોઝીટ મૂકશે તો દર માસે ૮.૫ ટકાના વ્યાજે તેમને પેન્શન કરન્ટ ખાતામાં વ્યાજ જમા થાય અને તેમાંથી દર મહિને પેન્શનમાં નિયમિત રકમ જમા થાય જેથી નિયમિત હપ્તા ભરાય અને ઘડપણ સુરક્ષિત થાય. ૧૦ વર્ષ બાદ આ ફિક્સ ડિપોઝીટ વખતોવખત રીન્યુ કરાવવી ફરજિયાત રહેશે.

જો તમે રૂ. ૧૦૦થી આ NSP-Lite યોજનામાં જોડાયાં હો તો તમારે રૂ. ૧૫,૦૦૦ની ૧૦ વર્ષ માટે સેવા બેંકમાં ફિક્સ ડિપોઝીટ કરવી ફરજિયાત રહેશે.

નોંધ :- **ફિક્સ ડિપોઝીટ ઉપરના વ્યાજના દર રીઝર્વ બૅંક ઓફ ઈન્ડિયા તથા બૉર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશ અનુસાર ફેરફારને આધીન રહેશે.**

**વધુ માહિતી માટે સેવા બેંકમાં તથા નજીકની શાખામાં સંપર્ક કરશો.**

કામ કરતાં હાલમાં તેમના સંજોગો વિપરીત છે - જુવાન છોકરો મરણ પામ્યો અને એવામાં જ તેમના પતિ ઘર છોડીને જતા રહ્યા છે આજ દિન સુધી તેમનો પત્તો લાગ્યો નથી પણ ધનીબેન તેમના ઘરની કથની ક્યાંય આગળ લાવતા નથી. તેમના મન તો તેમની બહેનો છે, 'સેવા'નું કામ છે, કોઈ દિવસ નિરાશ થઈને કામ નથી કરતાં ઘરમાં તેમની વહુ વિધવા અને તેમના પતિ પણ માનસિક બીમારીથી ક્યાંય ચાલ્યા ગયા છે. પણ 'સેવા'ના કામમાં આ પરિસ્થિતી આડે નથી લાવતાં.

ધનીબેન કહે છે કે 'સેવા'એ તો અમારો જનમારો બદલી નાખ્યો. અમદાવાદથી અમે ક્યાંય બહાર ગયાં નહોતાં પણ 'સેવા'માં આવ્યા પછી તો નાસીક, ત્રંબક, શેરડી, કેરાલા, દિલ્હી જેવા સ્થળો જોવા મળ્યાં અને કેરાલામાં તો અમારા ધંધાઓની માહિતીઓ લઈને આવ્યા તો અમારા કામમાં ઉપયોગી થઈ.

❑



નામ : **રમીલાબેન નરસીંહભાઈ રાઠોડ,** સરનામું : હનુમાનપુરાની ચાલી, ચામુંડા ચાલીની સામે, જૂનાવાડજ, અમદાવાદ, ઉંમર : ૪૫ વર્ષ, ધંધો : બાંધકામનાં સંગઠક, હોદ્દો : **'સેવા' કારોબારી સભ્ય,** રચયિતા બાંધકામ મંડળીના કારોબારી સભ્ય.

રમીલાબેન ૧૨ વર્ષનાં હતાં ત્યારથી બાંધકામના કામ સાથે જોડાયેલ. અમદાવાદ શહેરના જુદા જુદા વિસ્તારોમાં કામ કરતાં હતાં. જ્યારે 'સેવા'એ ૧૯૯૭માં બાંધકામનું સંગઠન શરૂ કર્યુ એટલે નાકા પર રમીલાબેન ટીફીન લઈને ઊભા હતાં અમે તેમને સંગઠનમાં જોડાવાનું કહ્યું અને તાલીમની વાત કરી તો રમીલાબેન એટલા ઉત્સાહીત કે તરત અમારી સાથે બધી બહેનો જોડે વાત કરવા લાગ્યા અને પહેલા જ તેમણે તેમના નાકા પરથી ૩૦ બહેનો તૈયાર કર્યાં અને અંબુજા સીમેન્ટ કંપની દ્વારા તેમની આગેવાની હેઠળ બહેનોને ૧૫ દિવસની તાલીમ અપાવી કે ચણતર. પ્લાસ્ટર કેટલા પ્રકારના અને કેવી રીતે કરવું.

તે પછી બકેરીગ્રુપનું કામ વેજલપુર ચાલતું તેમાં સાઈટ પર પાલખ પર ચઢીને કેવી રીતે કામ થાય તે તાલીમ પોતે લીધી અને ૩૦ બહેનોને અપાવી અને તેમની પરીક્ષા દિલ્લીની CIDC સંસ્થાએ લીધી તેમાં તેમનો નંબર પહેલો આવ્યો અને તેમને મજૂરમાંથી મીસ્ત્રી અને સર્ટિમાં એન્જીનિયર તરીકે ગ્રેડ મળ્યો.

રમીલાબેન તે પછી સંગઠનમાં એક સંગઠક તરીકે જોડાયાં અને તેમના જેવી દરેક બહેનોને 'સેવા'માં જોડાવા માટે ૫૦ કડિયાનાકા ફરીને હાલમાં એમણે ૫૦૦૦ બહેનોને સંગઠિત કર્યાં છે.

(CIDC - કન્સ્ટ્રકશન ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કાઉન્સીલ)

સંગઠનમાં ખાસ મુદ્દા બાંધકામનો કાયદો કામદારો સુધી પહોંચે અને પહેલાં તો સરકાર સાથે વારંવાર મીટિંગોમાં હાજર રહી અગ્રસચિવ સાથે રજૂઆત કરતાં. સતત ૮ વર્ષ સંઘર્ષ કર્યો અને ગુજરાતમાં કાયદો નિયમો બન્યાં પછી તો રમીલાબેન ઘણા ઉત્સાહમાં આવી ગયાં અને ફટાફટ કામદારોની નોંધણી કરાવવા લાગ્યા. એ બેન અભણ પણ કામમાં પાકા. રાત્રીના ૧૦ વાગ્યા સુધી વિસ્તારોમાં ફરે અને કામદારોને સમજાવે. એમણે ૫૦૦ જેટલા કામદારોની બાંધકામ બૉર્ડમાં નોંધણી કરાવી અને એમાંથી ૧૦૦ બાળકોને બોર્ડમાંથી સ્કોલરશીપ અપાવી. આમ આ બેન જે કામ લે તેને પુરું કરે જ.

રમીલાબેને જુદી જુદી તાલીમો લીધી - સંગઠન, સભ્યશિક્ષણ સેવા પરિચય, લીગલ અને બીડબલ્યુઆઈ સંસ્થામાં પણ બાંધકામના વિષયો પર તાલીમો રાખે તેમાં દિલ્લી, આગ્રા, ચેન્નઈ, કેરાલા પણ જઈ આવ્યાં અને એટલા ટ્રેઇન થયા કે જો કામદારોને કોઈ પણ જાતની તકલીફ પડે તો ના જોવે રાત કે ના જોવે દિવસ તેમના પતિને લઈને નીકળી પડે.

એવામાં તેમની ચાલીમાં છેલ્લા ૨૦ વર્ષથી દારૂજુગારનો અડ્ડો ચાલતો હતો તો રમીલાબેને અને તેમના સાથી બાલુબેનની આગેવાની હેઠળ ઘણા બધા સંઘર્ષ બુટલેગર સામુ કરી દારૂજુગારનો અડ્ડો બંધ કરાવ્યો. હાલમાં પણ તે સંઘર્ષ ચાલુ છે. તેના પરિણામરૂપે તેમના દીકરાને બુટલેગરના માણસો દ્વારા ઘાતકી હુમલાથી ગંભીર ઈજા થઈ છતાં પણ તે આજે ડગ્યા નથી. સતત ડગલેને પગલે ચાલતી મુશ્કેલી સામે અડીખમ ઊભા છે.

**રમીલા પી.**

❑



નામ : **સંતોકબેન લવજીભાઈ પરમાર,** સરનામું : ૧૯, ન્યુનંદનવન સોસાયટી, દાણીલીમડા, અમદાવાદ, ઉંમર : ૫૫ વર્ષ, ધંધો : કાગળ-કચરો હોદ્દો : **કારોબારી સભ્ય 'સેવા'**

સંતોકબેન પ્રથમ મિલમાં કોન્ટ્રાક્ટમાં કામ કરતાં હતાં. મિલ બંધ થવાથી રસ્તાપરથી કાગળ-કચરો વીણવાનું શરૂ કર્યું. સંતોકબેન સભ્ય બન્યા પછી તરત જ 'સેવા'માં આગેવાન બન્યાં. સુએઝફાર્મ - પીરાણા રોડ પર જ્યાં આખા અમદાવાદનો કચરો એકત્ર થાય છે ત્યાં સભ્ય બહેનોને કંઈ પણ મુશ્કેલી હોય તો હંમેશાં દોડી જાય, કોર્પોરેશનમાં પણ જાય અને ત્યાં દરેક બહેનોની રોજી શરૂ કરાવે. અમદાવાદનાં રોડ પર કાગળ-કચરો વીણનાર, ડોર ટુ ડોર એકત્ર કરનાર, ઓફિસમાંથી કાગળ-કચરો લેનાર હક્કપૂર્વક, અધિકારથી શાંતિથી વીણે તેવું તે ઇચ્છે છે.

જ્યાં જ્યાં કાગળ-વીણનારનાં પ્રશ્નો - પીઠામાં બોનસ અપાવવાનું, પીઠામાં ભાવવધારો કરાવવાનું, ડોર ટુ ડોર કચરો એકત્ર કરવાનું કામ હોય ત્યારે આગેવાની લઈને હલ કરે છે.

સંતોકબેન ૨૦ વર્ષથી આગેવાન, ૧૫ વર્ષથી 'સેવા'નાં પ્રતિનિધિ અને કાગળ ઝુંબેશટીમમાં કામ કરે છે. તેમને ૫૦૦૦ કાગળ-કચરો વીણનારની સભ્યસંખ્યા 'સેવા'માં કરી છે. તેમ જ તેમને સેવા ચળવળમાં કાગળ વીણનારાનાં આગેવાનો તૈયાર કરીને જોડાણ કર્યું છે.

આવા નીડર બહેન સંતોકબેન જેવાં બહેનો તૈયાર થયા અને તેઓએ કાગળ-કચરો વીણનાર કામદારો માટે સામાજિક સુરક્ષા

**'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On F/N Basis on 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2012-14 Issued by S.S.P. Valid up to 31-12-2014.**

Ahmedabad P.S.O.
22-1-2012

મળે અને કાયદો-નીતિ બને તેના માટે ઝુંબેશ ચલાવી. ૨૫ વર્ષ પછી ગુજરાત અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડ બન્યું અને તેમાં કાગળ-કચરો વીણનાર અને સફાઈકામદાર બહેનોનો પણ સમાવેશ થયો.

આ બોર્ડમાં પણ આશરે ૫,૦૦૦ સભ્યોએ રજીસ્ટ્રેશન કરાવ્યું અને તેમને ઓળખપત્ર, આવડત વધારવાની તાલીમ, ટુલ્સકીટ, બીમારીમાં સહાય જેવા લાભો અપાવ્યા.

આજે 'સેવા'ની કારોબારીનાં સભ્ય ચુંટાયાં છે. તે ગર્વની વાત છે. એમના સમાજમાં, ઘરમાં પણ એમનું માન વધ્યું છે.

❑



નામ : **ખૈરૂન્નિશાં ઈશાકભાઈ નાગોરી,** સરનામું : નાગોરીવાડ, દલાલ બિલ્ડીંગની પાછળ, હમનીવાડ, શાહપુર, અમદાવાદ, ઉંમર : ૪૫ વર્ષ, ધંધો : ઘરમાં બેસીને સિલાઈકામ, હોદ્દો : **કારોબારી સભ્ય 'સેવા'**

ખૈરૂન્નિશાંબેન ૩૫ વર્ષથી સિલાઈ કામ કરે છે. તે ભણ્યા નથી પણ 'સેવા'માં જોડાયા પછી પોતાનું નામ લખતાં-વાંચતાં શીખ્યાં છે. ૩૦ વર્ષ પહેલાં મીલમાંથી રફ ચીંદી નીકળતી એમાંથી વેપારીઓ ફ્રોક બનાવરાવતા હતા. શાહપુરમાં એમના જ મોહલ્લામાં ૩૦થી ૩૫ બહેનો સિલાઈ કામ કરતાં હતાં. તેમાંનાં એક ખૈરૂન્નિશાંબેન આજે ત્યાં ૩૦૦ થી ૩૫૦ બહેનો અને શાહપુરમાં ૧૦,૦૦૦ બહેનો સિલાઈ કામદાર છે.

ખૈરૂન્નિશાંબેને શરૂ કરેલાં 'સેવા' સંગઠનમાં ૨૦ બહેનો જોડાયાં. આ ૨૦ બહેનોની આગેવાની લઈને સૌથી પહેલાં ભાવવધારો કરવા માલિકો સાથે વાત કરી. પણ માલિક ભાવ વધારતા નહિ. છેવટે સંગઠનના પ્રતાપે ભાવવધારો કરાવ્યો. કેમકે ૩૦ વર્ષ પહેલાં ૧ ડઝન ફ્રોકના રૂ. ૨-૫૦ પૈસા મળતા હતા. અને એમાં ૧ ફ્રોકમાં ૨૨ ચીંદીઓ જોડીને તૈયાર કરતાં હતાં. એટલે સીધ્ધા ૨-૫૦ પૈસાથી ૧ ડઝનના ૫ રૂ. વધારો થયો એટલે બધાં જ સિલાઈવાળાં બહેનો ખુશ થયાં. બીજા બીજા મહોલ્લામાંથી ખૈરૂન્નિશાબેનને મળવા આવવા લાગ્યાં. અને બધાંએ એમને લીડર બનાવ્યાં. સંગઠન મજબૂત બનાવ્યું.

પોતાની કામદાર તરીકેની ઓળખ ઊભી કરી. આમતો ઘરમાં બેસીને કામ કરનારાંને કામદાર કોઈ ના ગણે પણ 'સેવા'એ અમને કામદારની ઓળખ આપી.

અમે કામદાર છીએ તો અમારા હક અને અધિકાર માટે લઘુતમ વેતન પણ બનવું જોઈએ. લઘુતમ વેતન બનાવવા માટે અમને ખૂબ તકલીફ પડી કેમકે કોઈ વેપારી પોતાના કામદારોની નોંધણી રાખતા નહિ. લેબર ઓફીસેરો જઈને ઈન્સ્પેક્સન કરતાં તોય ખાલી હાથે જતા રહેતાં ! પણ બહેનો હીંમત હારી નહિ. બહેનોએ દૂરદર્શનમાં પોતાનાં કામનો ઈન્ટરવ્યૂ આપ્યો. સરકાર-માલિકને એની જાણ થઈ. એથી ૧૯૮૮માં લઘુતમ વેતનનો કાયદો નોટીફિકેશન બહાર પડ્યો. મોટા મોટા ફેક્ટરીઓના માલિકોના દબાણથી સરકારે તેને સ્થગીત કરી નાખ્યું. ખૈરૂન્નિશાંબેન 'સેવા' સાથે રહીને ૫૦૦ બહેનોનો મોરચો લઈને ગુજરાત વેપારી મહામંડળમાં ગયાં અને ત્યાં બધા જ વેપારીઓ અને સરકારી અધિકારીઓને આવેદનપત્ર આપ્યું છેવટે લઘુત્તમ વેતનનો કાયદો પાસ થયો.

આવા જંગબાઝ 'સેવા'નાં લીડર ખૈરૂન્નીશાબેન જેવા બહેનો તૈયાર થયાં. અને ઘરખાતાં કામદારો માટે સામાજિક સુરક્ષા બને એની ઝુંબેશ ચલાવી અને ૨૫ વર્ષ પછી અસંગઠિત કામદાર કલ્યાણ બોર્ડ બનાવ્યું અને એમાં સિલાઈ કામદારોનું ગુજરાત અસંગઠિત કામદર કલ્યાણ બોર્ડમાં સમાવેશ કર્યો. શૂન્યમાંથી સર્જન કરનાર ખૈરૂન્નીશાંબેન 'સેવા'નાં લીડર જે આજે 'સેવા'ની કારોબારીના સભ્ય ચુંટાયાં તેમાં એમને ગર્વ છે અને આજે એમના સમાજમાં પણ એમનું માન-સન્માન થાય છે કે 'સેવા'માં જોડાયા પછી. ખૈરૂન્નીશાંબેનનું વિકાસ થયો સાથે એમના સભ્યો અને કુટુંબનો પણ વિકાસ થયો.

❑

માલિક : શ્રી મહિલા સેવા અનસૂયા ટ્રસ્ટ વતી તંત્રી-પ્રકાશક-મુદ્રક : નમ્રતા બાલી, સેવા રિસેપ્શન સેન્ટર, ટિળક બાગ સામે, ભદ્ર, અમદાવાદ ૩૮૦ ૦૦૧
મુદ્રણસ્થાન : પ્રિન્ટવૅલ પ્રિન્ટર્સ, બહાઈ સેન્ટર, શાહપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૧. (વા. લ. રૂ. ૨૦/-) આદ્યતંત્રી : જયન્તિકા જયન્તભાઈ

**અનસૂયા**

22-1-2012

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ 380 001